આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૭/૦૮/૨૦૨૬ થી તા.૨૩/૦૮/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ):- ચાલુ વીકમાં પોતાની ક્ષમતા સાબિત કરવાની તક મળે. પોતાના સ્વતંત્ર અને નિડર સ્વભાવના કારણે સફળતા પૂર્ણ જવાબદારી નિભાવી શકાય. પારીવારિક એકતાના કારણે માનસીક શાંતિ મળે. કુટુંબમાં શુભ પ્રસંગનું આયોજન થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર અને પ્રેમ વિવાહમાં અનુકુળતા મળે. કોર્ટ-કચેરીમાં સફળતા મળે. સરકારી નોકરીમાં લાલચથી બચવું. વિદેશના કામમાં કાયદાકીય મદદ મળે.

વૃષભ (બ,વ,ઊ):- ચાલુ વીકમાં નવા રોકાણ અને પ્રેમ પ્રકરણમાં ધીરજ રાખવી. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. પોતાના સ્વતંત્ર વેપારમાં હકારાત્મક પ્રગતિ થાય. દાંપત્ય જીવનમાં તાલમેળ વધે. સામાજીક કામોમાં મદદ મળે. રોજની આવક વધે. નોકરીમાં નવી તક ઊભી થાય. મૂઢ વિદ્યા અને તંત્ર-મંત્રમાં રસ જાગે. ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવાનું બને. ઊચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. અચાનક શુભ સમાચાર મળે.

મિથુન (ક,છ,ઘ):- સપ્તાહ નવા કામની શરૂઆત માટે અનુકુળ છે. નવા ઘર મકાનની યોજના પાર પડે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓની પરીક્ષા સફળ રહે. સંતાન-જીવન-સાથીનો સાથ સામાજીક કામમાં મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવા આર્થિક રોકાણ લાભદાયક રહે. મોજ-શોખ પ્રવાસ શિક્ષણને લગતાં કામમાં લાભ થાય. સરકારી નોકરીમાં તક મળે. કુટુંબ જીવનમાં સામાજીક પ્રગતિથી શાંતિ મળે.

કર્ક (ડ,હ):- સપ્તાહ દરમિયાન નોકરીમાં નવી જવાબદારી મળે. ધંધામાં નવી યોજના પાર પડે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. પારીવારિક પ્રસંગ સફળ રહે. ઘરના સભ્યોની પ્રગતિથી સુખી મળે. નવા સામાજીક સંબંધો બને. પ્રેમ વિવાહમાં મદદ મળે. શેર બજારમાં ધીરજ રાખવી. પ્રવાસ મોજ-શોખના ધંધામાં લાભ થાય. આરોગ્ય નરમ રહે. હરીફો અને નોકર-ચાકરથી સાવધાન રહેવું.

સિંહ (મ,ટ):- ચાલુ વીકમાં સંપતી કે વારસા બાબતે ધીરજ રાખવી. વાદ-વિવાદથી વિઘ્નો પેદા થઈ શકે છે. મોજ-શોખના ધંધામાં આવક વધશે. માર્કેટીંગ, દલાલી, ટ્યુશન, પ્રવાસ જેવા કામમાં પ્રગતિ થાય. હાથ પરનાં કામ પાર પડે. અટકેલા નાણાં છૂટા થઈ શકે છે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. જીવન સાથી સાથે સામાજીક કામ પાર પડે. નવા ઘરની યોજનામાં પ્રગતિ થાય.

કન્યા (પ,ઠ,ણ):- સપ્તાહ તમારી બુદ્ધિ કુશળતા અને વ્યવહારીક સમજની કસોટીવાળુ રહેશે. અચાનક તક મળે. સમાજમાં નવી જવાબદારી મળે. પારીવારિક સમસ્યાનું સમાધાન થાય. પ્રવાસમાં ધીરજ રાખવી. રોમેન્ટીક અને રંગીન મુલાકાત થાય. સામાજીક કામ પાર પડવાથી પારીવારિક પ્રશ્નો હલ થાય. આવક વધારવાની યોજના બને. ઉઘરાણી આવે. મિત્રો ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. આવક વધશે.

તુલા (ર,ત):- સપ્તાહ સમાજીક સંબંધો મજબુત બને. મોજ-શોખના ધંધામાં આવક વધે. રંગીન રસીક મુલાકાત થાય. પ્રેમમાં વિશ્વાસ વધશે. સરકારી નોકરી કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રવાસ, મોજ-શોખ, ખાણી-પીણીના ધંધામાં આવક વધે. વારસાના કામમાં મદદ મળે. પ્રવાસમાં વિવાદથી બચવું. વિદ્યાર્થીઓને તક મળે. માર્કેટીંગના કામમાં સફળતા મળે. અટકેલો કામમાં ગતિ આવે. મન અશાંત રહે.

વૃશ્ચિક (ન,ય):- સપ્તાહ દરમિયાન લાગણી પર કાબુ રાખવો. અંગત મિત્રો સાથે ગેરસમજ થાય. પ્રેમમાં ભેટ-સોગાદની આપ લે થી વિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસની યોજનામાં મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય. પારીવારિક પ્રશ્નો હલ થાય. ઉઘરાણી આવી શકે છે. વારસા- કે સંપત્તિને લગતા કામ પાર ડે. નવા રોકાણમાં મદદ મળે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં મહત્ત્વના નિર્ણય લેતો પહેલા યોગ્ય માર્ગદર્શન લેવુ. સ્ત્રી વર્ગનો સાથ મળે. મોજ-શોખ અને કોસ્મેટીક જેવા વેપાર ધંધામાં લાભ થાય. શેર બજારમાં તક મળે. વિદ્યાર્થીઓને તક મળે. મિત્રો સાથે મનોરંજન થાય. આરોગ્ય નરમ રહે. ખાવા પીવામાં ધ્યાન રાખવું. ઘર-પરિવારમાં વિવાદથી અશાંતિ વધે.

મકર (ખ,જ):- સપ્તાહ મહત્વનાં નિર્ણય માટે અનુકુળ છે. પિતાને મદદ રૂપ બનશો. કોઈ બૌદ્ધિ સલાહથી અટકેલો કામમાં ગતિ આવે. મોજશોખના ધંધામાં લાભ થાય. સ્ત્રી વર્ગનો ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય. જમીન-વારસા-સંપત્તિના સોદા પાર પડી શકે છે. ભાઈ-બહેનને મદદરૂપ બનશો. સંતાનોના અભ્યાસ વગેરેની યોજનામાં મદદ મળે. માનસિક પીડા અને ત્રાસ તથા ખર્ચા વધશે.

કુંભ (ગ,સ,શ,ષ):- ચાલુ વીકમાં નોકરીમાં નવી જવાબદારી મળે. નવા કામની લીડરશીપથી પ્રભાવ વધશે. સરકારી કામ, વીલ, વારસામાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે. ધાર્મિક સાહિત્ય અને તિર્થ યાત્રાને લગતા કામ સફળ બને. ઉઘરાણી આવી શકે છે. કુટુંબ-પરિવારનો સાથ મળવાથી કુટુંબીક સમસ્યાનું સમાધાન થાય. જીવન સાથીના કામમાં મદદરૂપ બનશો. ઉચ્ચ વિદ્યાભ્યાસમાં સફળતા મળે. પ્રેમમાં વિવાદ ટાળવો.

મીન (દ,ચ,ઝ,થ):- ચાલુ વીકમાં ઘર-પરિવારમાં ખુશીનું વાતાવરણ રહે. ઉમર લાયકના વિવાહ અને નોકરી ઈચ્છુકને નોકરીની તક મળે. રોજના કામમાં અનુકુળત રહે. સરકારી નોકરીમાં પ્રગતિ થાય. વીલ-વારસાનો કામ પાર પડે. આરોગ્ય નરમ રહે. વિદેશ પ્રવાસ ધાર્મિક યાત્રા, ઉચ્ચ શિક્ષણ અને કાયદા કાનુન બાબતે સફળતા મળે. જાહેર જીવનમાં યસ મળે. સંપત્તિના સાથ પાર પડે. નવા વેપાર ધંધાની યોજના પાર પડે. આવક વધારવાની તક મળે.

રાહુલ ગાંધી-એક યોગભ્રષ્ટ એટલે કે પૂર્વનો કોઈ પુણ્યશાળી આત્મા

રાહુલ ગાંધીના આયુષ્યનો આ મધ્ય ભાગ ખૂબજ બળવાન અને સુખ આપનાર તેમજ કીર્તિના શિખર પર લઈ જનાર ચાલે છે

રાહુલ ગાંધીની તુલા લગ્નની કુંડલીમાં શુભ ફળ આપનાર ગ્રહ શનિ યોગકારક થઈને કેન્દ્રમાં સાતમે નીચભંગ રાજ યોગ કરે છે અને આ શનિ આત્મકારક આવી કરક હોવાથી કઠોર પરિશ્રમ કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવ, અને ધીરજથી જીવનમાં ધીમી ગતિએ સફળતાનું સુચન કરે છે. ઉપરાંત તેમનો સૂર્ય ભાગ્યમાં હોવાથી પિતાનુ સુખ ઓછુ મળે અથવા પિતાથી વિખુટા પડવાનું બને અને ભાગ્યમાં રહેલ સૂર્ય જાતકને જીવનમાં ત્રણ ભાગમાં વહેચી દે છે. આ પુષ્પનો પ્રથમ ભગા કષ્ટ-પિડા-સંઘર્ષ નિરાશા અને વિરોધી વગેરેથી પીડા અને કષ્ટમાં પસાર કરાવે છે અને જીવનનો મધ્ય ભાગ ભાગ્યનો સૌથી શ્રેષ્ઠ સાબિત થાય છે. સૂર્ય મધ્યાન સમય સૌથી બળવાન અને આખી પૃથ્વીને સમાન પ્રકાશ આપતો હોય એ રીતે રાહુલ ગાંધીના આયુષ્યનો આ મધ્ય ભાગ ખૂબજ બળવાન અને સુખ આપનાર તેમજ કીર્તિના શિખર પર લઈ જનાર ચાલે છે. જીવનનો અંત ભાગ પાછો કષ્ટનો અનુભવ કરાવનાર રહેશે. તેમના ભાગ્યમાં સૂર્ય મંગળનો યોગ દુર્ઘટના યોગ કરે છે. કોઈ જીવલેણ હુમલો થઈ શકે.

આત્મકારક શનિ ઊંમર વર્ષ 36 થી 45 દરમિયાન સંઘર્ષ અને અનુશાસન, ન્યાય અને અન્ય લોકો માટેની લડત કે સેવા પછી સન્માન પૂર્વકની સફળતા આપે છે. ગરીબો, અસહાયો અને પીડિતો પ્રત્યે સંવાદ, કરુણા અને દયાભાવ હોય અને એવું જીવન જીવેતો જ સફળતા મળે છે. આ આત્મકારક શનિનો નિયમ છે. પ્રતિકુળતા અને જીવનની કઠિનાઈઓ આવા જાતકને ભીતર-અંદરથી મજબુત અને પરિપક્વ બનાવે છે. આ સંઘર્ષ એજ તેમના માટે તપસ્યા સાબિત થાય છે. ટુંકમાં રાહુલ ગાંધી શનિ જે આત્મકરાક છે. તેની કસોટીમાંથી પસાર થઈને એક આંતરીક અધ્યાત્મિક શક્તિ સાથે દેશના સામાન્ય લોકોનો અવાજ બની ગયા છે. **હવે રાહુલ ગાંધીને કોઈજ હરાવી કે મજબૂર કરી શકે તેમ નથી. કારણકે રાહુલ ગાંધી એક યોગભ્રષ્ટ આત્મા એટલે કે પૂર્વનો કોઈ પુણ્યશાળી આત્મા છે** તે તેમની કુંડલીમાં સ્પષ્ટ છે તેમનો જન્મ મૂળનક્ષત્રના પ્રથમ ચરણમાં છે. તે પૂર્ણ રીતે ગંડાતયુક્ત છે આ એક એવો યોગ જે બહુ જ ઓછી કુંડલીમાં જોવા મળતો હોય છે. જ્યેષ્ઠાના ચોથા ચરણથી મૂળના પ્રથમ ચરણ દરમિયાન બનતો આ યોગ દુર્લભ માનવામાં આવે છે. જેને અભુક્ત મૂળ કહેવામાં આવે છે. જે જીવનને નિચોવી દેનાર અપાર કષ્ટ-મુસીબતો-સંઘર્ષ વિપરિત પરિસ્થિતિ, અંગત અને કુટુંબિક જીવનની ભયાનક પરિસ્થિતિમાંથી પસાર કરવા મજબૂર કરે છે ક્યારેક આવા યોગવાળો જાતક સો ટકા નિષ્ફળ સાબિત થઈને સામાન્ય અજ્ઞાત જીવન જીવવા મજબુર બને છે. અને અમુક કિસ્સામાં સફળતાની સિડીની સર્વોચ્ચ ઉચ્ચાઈએ લઈ જઈને અમ કીર્તિ આપે છે.

હાલમાં એપ્રિલ 2019 થી એપ્રિલ 2037 સુધીની રાહુની મહાદશા ચાલે છે. આ સમય રાહુલ ગાંધી માટે સફળતાનો છે. ગોચરનો રાહુ પણ હાલમાં જન્મના રાહુ પરથી પસાર થાય છે. અને તે ડીસેમ્બર 2026 સુધી રહેશે. જે છેલ્લા સવા વર્ષથી ચાલે છે. મે 2024 થી માર્ચ 2027 સુધી આત્મકારક શનિની અંતર દશામાં નવેમ્બર 2026 સુધીની રાહુની પ્રતિ અંતર દશા પણ બળવાન અને અનુકુળ સમયનું સુચન કરે છે. માર્ચ 2027થી ઓક્ટબરો 2029 દરમિયાન રાહુમાં બુધની અંતર દશા આવશે તેમનો બુધ આઠમે એકલો અને બળવાન વિપરીત રાજયોગ કરે છે. આઠમું સ્થાન આયુષ્ય અધ્યાત્મિક સિધ્ધિ અને અચાનક સફળતાનું સ્થાન છે. રાહુલ ગાંધીના પૂર્વ કર્મોને જાગૃત કરનાર સમય છે. તેમના જીવનનો સૌથી ઉત્તમ સમય આ પૂરાવાર થશે, સાથે અચાનક કષ્ટ કે શસ્ત્ર હુમલાના યોગ પણ કરે છે. જોકે બુધ વર્ગોત્મ હોવાથી શુભ બને છે.

રાહુલ ગાંધીની કુંડલીમાં વારસાગત દોષ અને પારિવારિક કે કુટુંબ જીવનને ખંડીત કરનાર શુક્ર વિવાહીત જીવન માટે અશુભ છે. માટે લગ્ન થયા નથી. પણ આ પુરુષ નક્ષત્રમાં રહેલ શુક્ર પરથી હાલમાં તા.02-06-26થી તા.31-10-2026 સુધી ગુરુનું ભ્રમણ તા. 20-08-2026 સુધી પુષ્પ નક્ષત્રમાં સફળતાના યોગ કરે છે. 20 ઓગસ્ટ સુધીનો સમય હાથ પર લીધેલ કામને સરળ કરનાર બને છે. દસમુ સ્થાન જાહેર જીવન સત્તા, રાજકારણ, ઊચ્ચ પદ પ્રાપ્તીનું છે માટે એક વિરોધ પક્ષના નેતા તરીકે સૌથી પ્રભાવશાળી પુરાવાર થવાનો સમય અત્યારે ચાલે છે. ઉપરાંત તેમનો જન્મનો મંગળ જે સપ્તમેશ થઈને ભાગ્યમાં છે. જે વિવાહીત જીવન માટે અશુભ માનવામાં આવે છે. પણ ન્યાય અને પોતાની વાતને સાબિત કરીને સફળતાના યોગ કરનાર મંગળ પરથી ગોચરનો મંગળ 18-09-2026 સુધી પસાર થાય છે. જન્મનો મંગળ આદ્રા નક્ષત્રના ચોથા ચરણમાં છે અને ગોચરનો મંગળ પણ આદ્રા નક્ષત્રમાંથી પસાર થાય છે. જે 02-09-2026 સુધી આદ્રાના ચોથા ચરણમાં રહેશે. આ સમય પણ રાહુલ ગાંધી માટે વિજયના છે, કારણકે ભાગ્યમાં મંગળવાળા જાતકોના વિચાર, વાણી, વ્યવહાર સ્પષ્ટ હોય છે અને પોતે ન્યાય માટેની લડાઈને ક્યારે પણ છોડીને હથિયાર હેઠા મુક્તા નથી. પોતાની સત્ય અને ન્યાયીક વાતોને કાયમ વળગી રહેનાર યોગ માનવામાં આવે છે. પોતાની જાતને નુકસાન થાય તો પણ સત્ય અને ન્યાયની લડાઈ આવા જાતકો છોડતા નથી માટે આ સમય ભારતના રાજકારણમાં ફક્ત રાહુલ ગાંધીનો સાબિત થશે. તે તેમની કુંડલીમાં સ્પષ્ટ છે ગોચરમાં સૂર્ય-ગુરુની યુતિ કર્મ સ્થાનમાં તા. 10-08-2026 થી ગુરુ ઉદય થવાથી બળવાન બને છે. ટુંકમાં રાહુલ ગાંધીના યુગની શરૂઆત થઈ ચુકી છે. દશા અને ગોચર ઉજ્જવળ ભવિષ્યનું સુચન કરે છે.

પોતાની જાતને નુકસાન થાય તો પણ સત્ય અને ન્યાયની લડાઈ આવા જાતકો છોડતા નથી માટે આ સમય ભારતના રાજકારણમાં ફક્ત રાહુલ ગાંધીનો સાબિત થશે. તે તેમની કુંડલીમાં સ્પષ્ટ છે

ખાનગી જમીન ખરીદીને પણ ગ્રામીણ પરિવારોને પ્લોટ અપાશે

અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગાને સલામી આપી

વિદેશ અભ્યાસની લોન માટે આવક મર્યાદા રૂ. ૧૦ લાખ

ગાંધીનગર : ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અમરેલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ભવ્ય રીતે યોજાઈ હતી. મુખ્યમંત્રીએ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી તિરંગાને સલામી આપી હતી.

સ્વાતંત્ર્ય પર્વના સંબોધનમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન દ્વારા લાલ કિલ્લા પરથી વિકસિત ભારત-૨૦૪૭ માટે આપવામાં આવેલા 'શક્તિની સપ્તધારા'ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર રહેશે. મેન્યુફેક્ચરિંગ, કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ, ટેક્નોલોજી, નવીનતા, ગતિશક્તિ, રક્ષા શક્તિ અને સોફ્ટ પાવર જેવા ક્ષેત્રોમાં દેશને વધુ વિકસિત કરવાની દિશામાં ગુજરાત મહત્વની ભૂમિકા ભજવશે. તેમણે ગરીબો, યુવાનો, અન્નદાતા ખેડૂતો અને નારીશક્તિને વિકસિત ગુજરાતના ચાર મુખ્ય સ્તંભ ગણાવ્યા હતા. સ્વાતંત્ર્ય પર્વે કરાયેલી સૌથી મહત્વપૂર્ણ જાહેરાતમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં પાત્ર પરિવારોને ઘર બનાવવા માટે વિનામૂલ્યે ઘરથાળનો પ્લોટ આપવામાં આવશે. જો ગ્રામ પંચાયત પાસે ગામતળ, સરકારી પડતર અથવા ખરાબા-ગૌચરની પૂરતી જમીન ઉપલબ્ધ ન હોય તો રાજ્ય સરકાર ખાનગી જમીન ખરીદીને પણ પાત્ર પરિવારોને મફત પ્લોટ ફાળવશે. આ નિર્ણયથી જરૂરિયાતમંદ ગ્રામીણ પરિવારોને પોતાનું ઘર બાંધવા માટે જમીન ઉપલબ્ધ કરાવવાનો માર્ગ વધુ સરળ બનશે.

MBBS-BDS માટે 15,651નું પ્રોવિઝનલ મેરિટ જાહેર કરાયું

ગાંધીનગર : શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલ (MBBS અને BDS) સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ આજે જાહેર કરવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલી મેરિટ લિસ્ટમાં કુલ 15,651 ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જેમાં જનરલ કેટેગરીના 3,804, SEBC કેટેગરીના 4,768, SC કેટેગરીના 1,800, ST કેટેગરીના 2,282 અને EWS કેટેગરીના 2,997 ઉમેદવારોનો સમાવેશ થાય છે. જ્યારે 609 ઉમેદવારોને લાયકાત ન ધરાવતા જાહેર કરવામાં આવ્યા છે.

જાહેર કરાયેલા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ અંગે કોઈ ઉમેદવારને વાંધો કે રજૂઆત હોય તો તેઓ 17 ઓગસ્ટથી 19 ઓગસ્ટ 2026 દરમિયાન સવારે 10થી સાંજે 4 વાગ્યા સુધી રજૂઆત કરી શકશે.

આ માટે પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મૂકવામાં આવેલા સુધારા ફોર્મને ભરી જરૂરી આધાર-પુરાવા સાથે જે હેલ્પ સેન્ટર ખાતે ઉમેદવારે પોતાના દસ્તાવેજોનું વેરિફિકેશન કરાવ્યું હોય ત્યાં રૂબરૂ જવાનું રહેશે.

દરમિયાનમાં PwD ક્વોટા અને NRI ક્વોટા માટે અરજી કરનારા ઉમેદવારોની ચકાસણી પ્રક્રિયા હાલમાં ચાલી રહી હોવાથી આ બંને ક્વોટાના ઉમેદવારોની મેરિટ હાલ જાહેર કરવામાં આવી નથી.

મુખ્યમંત્રી અમેરિકા-કેનેડાના ઉદ્યોગપતિ સાથે બેઠક કરશે

વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૨૭ માટે ઉદ્યોગ મંડળો અને ટેકનોલોજી ક્ષેત્રના અગ્રણીઓને આમંત્રણ અપાશે

ગાંધીનગર : ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણને વધુ વેગ આપવા અને આગામી જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે વૈશ્વિક ઉદ્યોગજગતને ગુજરાત સાથે જોડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૬ ઓગસ્ટની વહેલી પરોઢે અમદાવાદથી અમેરિકા-કેનેડાના પ્રવાસે રવાના થયા છે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાતનું પ્રતિનિધિમંડળ અમેરિકા અને કેનેડાના વિવિધ શહેરોમાં રોકાણકારો, ઉદ્યોગ મંડળો, ઉભરતી ટેકનોલોજીના ક્ષેત્રના અગ્રણીઓ તેમજ ગુજરાતી સમુદાય સાથે બેઠકો યોજશે.મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસ દરમિયાન વોશિંગ્ટન ડીસી, ન્યૂયોર્ક અને સાન ફ્રાન્સિસ્કો ઉપરાંત કેનેડાના ટોરોન્ટોમાં વિવિધ ઉદ્યોગ-રોકાણકારો સાથે ગોળમેજી પરિષદો અને વ્યક્તિગત બેઠકો યોજાશે.

આ બેઠકોમાં ગુજરાતની વૈશ્વિક વિકાસગાથા, ઔદ્યોગિક વિકાસની તકો અને રોકાણ માટેની અનુકૂળ નીતિઓની રજૂઆત કરીને રાજ્યમાં નવી વિદેશી મૂડી ખેંચવાના પ્રયાસો કરવામાં આવશે. મુખ્યમંત્રી સાથે મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર અને અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ-વેપાર જગતનું પ્રતિનિધિમંડળ પણ પ્રવાસમાં જોડાયું છે.

અનુસંધાન ... પાના પહેલાનું

'વંદે માતરમ' રાષ્ટ્રગાનના...

શાસક પક્ષ ભાજપના કેટલાક નેતાઓએ સોનિયા ગાંધી પર કાર્યક્રમમાં વંદે માતરમની પૂર્ણ આવૃત્તિ ગાવાનો વિરોધ કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. જો કે, કોંગ્રેસે આ આરોપને ફગાવી દેતા સ્પષ્ટતા કરી હતી કે રાષ્ટ્રીય ગીતની પૂર્ણ આવૃત્તિ ગાવું રોકવાનો એવો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નહોતો. સોનિયા ગાંધી માત્ર પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે માટે ખુરશી મંગાવી રહ્યા હતા, કારણ કે તેઓ થોડા સમયથી ઊભા હતા. ઉલ્લેખનીય છે કે સ્વતંત્રતા દિવસના કોંગ્રેસના પોતાના કાર્યક્રમ દરમ્યાન વંદે માતરમ ગીતના ગાન વખતે સોનિયા ગાંધી હાથથી કંઇક ઇશારો કરી રહ્યા છે તેવો વીડિયો વાયરલ થયો હતો. આ બાબતે ભાજપે તેમના પર પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ પર પ્રહાર કરતા ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું, "એવું જોવા મળ્યું હતું કે જ્યારે રાષ્ટ્રીય ગીત ગવાઈ રહ્યું હતું ત્યારે તેમના સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધી, સુપર લીડર રાહુલ ગાંધી અને વર્તમાન પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ધ્યાન આપતા નહોતા. સોનિયા ગાંધીએ રાષ્ટ્રગાન અટકાવવાનો ઇશારો કર્યો હોવાનો આક્ષેપ પણ ભાજપે કર્યો હતો. ભાજપના અન્ય પ્રવક્તા રણદીપ ભંડારીએ લાલ કિલ્લા ખાતેના કાર્યક્રમમાં હાજર નહીં રહેવા બદલ પણ રાહુલ પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે આ આ ભારતના બંધારણ પ્રત્યેનો ધિક્કાર દર્શાવે છે. અમિત શાહે કોંગ્રેસના કાર્યક્રમની વંદે માતરમ વખતની ઘટનાને કોંગ્રેસના નેતાઓની બેશરમી ગણાવી હતી.

જો કે કોંગ્રેસ પ્રવક્તા જયરામ રમેશે કહ્યું હતું કે કોંગ્રેસે ૧૯૩૭ના અધિવેશન વખતે - જે અધિવેશનમાં ગાંધીજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ, મોલાના આઝાદ, જવાહરલાલ નેહરૂ, સરદાર પટેલ જેવા નેતાઓ હાજર હતા તેમાં ઠરાવય કર્યો હતો કે કોંગ્રેસની બેઠકોમાં વંદે માતરમની શરૂઆતી પંક્તિઓ ગવાશે અને ગવાતી આવી છે. શનિવારના કાર્યક્રમમાં તો પુરું ગીત ગવાયું હતું અને સોનિયાજીએ તો નાદુરસ્ત તબિયતવાળા પક્ષપ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ઉભા હતા તેમના માટે ખુરશી મૂકવા ઇશારો કર્યો હતો, ગીત અટકાવવા ઇશારો કર્યો ન હતો. ભાજપ તદ્દન ખોટા આક્ષેપો કરી રહ્યો છે.

બંકિમચંદ્રના વંશજે...

આવ્યા હતા. ગાંધીને લખેલા એક પત્રમાં ચેટર્જીએ જણાવ્યું હતું કે, દેશ જ્યારે તેનો 80મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો હતો ત્યારે 15 ઓગસ્ટે બનેલી આ કથિત ઘટના "માત્ર અફસોસજનક નથી પરંતુ એક ઐતિહાસિક ભૂલનું શરમજનક પુનરાવર્તન છે."

નાઇહાટીના ભાજપના ધારાસભ્ય ચેટર્જીએ કહ્યું કે તેઓ એક સામાન્ય નાગરિક, દેશભક્ત અને બેંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયના પ્રત્યક્ષ વંશજ તરીકે આ પત્ર લખી રહ્યા છે, અને આ ઘટના પર "ઊંડું દુઃખ, ખાલીપો અને રોષ" વ્યક્ત કરે છે.

પેટ્રોલિયમ પેદાશોની...

અને એટીએફ પર નિકાસ ડ્યુટી લાદી હતી અને દર પખવાડિયે તેના દરમાં સુધારો કર્યો હતો. 16 મેથી શરૂ કરીને પેટ્રોલની નિકાસ પર આ લેવી (ટેક્સ) લાદવામાં આવી હતી. મંત્રાલયે એમ પણ કહ્યું કે, સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરાયેલા પેટ્રોલ અને ડીઝલ પરના હાલના ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પશ્ચિમ એશિયામાં યુદ્ધ વચ્ચે બળતણની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા માટે વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો હતો. યુદ્ધ શરૂ થયા પછી ગ્લોબલ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો હોવાથી ભાવના તફાવતને કારણે નિકાસકારોને અયોગ્ય લાભ ઉઠાવવાથી અટકાવવાનો પણ હેતુ હતો. પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે નિકાસને નિરુત્સાહિત કરીને પેટ્રોલિયમ પેદાશોની સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો વિન્ડફોલ ટેક્સનો હેતુ હતો.

ઇન્ડોનેશિયામાં 7.7ની...

મંગરાઈ અને નાગેકેઓ નામના ત્રણ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જે ભૂકંપ બાદ સંપર્કવિહોણા થઈ ગયા હતા. સિક્કા જિલ્લાની રાજધાની માઉમેરે સ્થિત સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા ફાથુર રહમાને જણાવ્યું હતું કે, "અમે મોટા ભાગના ભૂસ્ખલનના કાટમાળને હટાવી દીધા છે અને અગાઉ સંપર્કવિહોણા થયેલા ગામડાઓના રસ્તાઓ ફરીથી ખુલ્લા કર્યા છે. જોકે, નેટવર્ક ખોરવાઈ જવા અને વીજળી ગુલ થવાના કારણે શોધખોળના પ્રયાસોમાં અડચણો આવી રહી છે." નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સીએ જણાવ્યું હતું કે, ૧૦૧ લોકો ઘાયલ થયા છે. ૯૦૦થી વધુ ઘરો નાશ પામ્યાં છે અને ૪૫૦થી વધુ ઘરોને નુકસાન થયું છે, જેના કારણે આશરે ૫,૦૦૦ લોકોને અસ્થાયી આશ્રયસ્થાનોમાં આશરો લેવાની ફરજ પડી છે.

બંગાળના માજી નાયબ...

કથિત આત્મહત્યા નોંધ પણ મળી આવી છે. તેઓ ૭૪ વર્ષના હતા અને પરિવારમાં તેમની પત્ની તથા પુત્ર છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કથિત સુસાઇડ નોટમાં બેનર્જીએ જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે કે તેમના મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી અને તેમણે રાજકારણમાં પ્રવેશવા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો. જોકે, પીટીઆઈ આ પત્રની પ્રામાણિકતાની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી શક્યું નથી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તેમના મૃત્યુ તરફ દોરી ગયેલા ચોક્કસ સંજોગો હજુ સુધી જાણી શકાયા નથી, અને પોલીસ કથિત સુસાઇડ નોટની સામગ્રી તથા આ ઘટના સંબંધિત અન્ય સંજોગોની તપાસ કરી રહી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. TMCના વરિષ્ઠ નેતા બેનર્જીએ ૨૦૦૧ થી ૨૦૨૬ સુધી સતત રાજ્ય વિધાનસભામાં રામપુરહાટનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર તરીકે સેવા આપી હતી અને મમતા બેનર્જી સરકારમાં શાળા શિક્ષણ અને કૃષિ સહિતના મંત્રી પદો પણ સંભાળ્યા હતા. કથિત એક પાનાની નોટ મુજબ, બેનર્જીએ દાવો કર્યો હતો કે તેઓ ક્યારેય ભ્રષ્ટાચારમાં સામેલ નહોતા અને કોઈપણ કામના બદલામાં ક્યારેય પૈસા લીધા નહોતા. તેમણે એવું પણ લખ્યું હતું કે જોકે તેઓ પાર્ટીની અંદરની ગેરરીતિઓને હંમેશાં સ્વીકારી શકતા નહોતા, પણ તેઓ તેની સામે વિરોધ કરવા માટે પણ અસમર્થ રહ્યા હતા. આ નોટમાં તારાપીઠ-રામપુરહાટ ડેવલપમેન્ટ ઓથોરિટી (TRDA) નો સંદર્ભ પણ હતો, જેમાં બેનર્જીએ દાવો કર્યો હતો કે તેના ટેન્ડર સંબંધિત નિર્ણયો, ચેક ઇશ્યુ કરવા, પ્લાન મંજૂરીઓ કે ના-વાંધા પ્રમાણપત્રો (NOC) જારી કરવામાં તેમની કોઈ ભૂમિકા નહોતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેમને બદનામ અને અપમાનિત કરવાના પ્રયાસો કરવામાં આવ્ય